
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 14, Issue. 249, June 2023

પ્રય વાચક મિત્રો,

આજના સમયમાં યોગ શબ્દથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. યોગ એ ભારતના જ્ઞાની ઋષિઓએ વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે. યોગ એ ઉત્તમ રીતે જીવન જીવવાની કળા છે. આજે તો ભારતમાં જ નહીં, દેશ–વિદેશમાં યોગ બહુ જ લોકપ્રિય થયો છે. દેશ–વિદેશમાં યોગનું અધ્યયન થાય છે. અભ્યાસ થાય છે, પ્રચાર થાય છે અને જીવનમાં તેને અપનાવાય છે. જેમ યોગ શબ્દ બધાને જ પરિચિત લાગે છે. તેમ કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ લયયોગ, જપયોગ વગેરે શબ્દો પણ આપણે સાંભળ્યા છે. પરંતુ આપણે જે યોગની ચર્ચા કરીએ છીએ, તેને રાજયોગ કહેવાય છે. યોગ શબ્દને કોઈ પણ વિશેષણ ના લાગ્યું હોય ત્યારે યોગનો અર્થ જ રાજયોગ થાય છે. યોગ માટે જેમ એક શબ્દ રાજયોગ છે. તેમ બીજો શબ્દ છે પતંજલ યોગ અને ત્રીજો શબ્દ છે અષ્ટાંગ યોગ. બધા જ પ્રકારના યોગમાં જે સૌથી વધુ મહત્વનો તથા બધાના આધાર છે તે રાજયોગ કહેવાય છે. ઋષિ પતંજલિએ સમગ્ર યોગદર્શનને સૂત્રબદ્ધ કર્યુ છે માટે તેને પાતંજલ યોગ કહેવાય છે. યોગના આઠ અંગો છે માટે તેને અષ્ટાંગ્યો કહેવાય છે. યોગ શબ્દ યુજ ધાતુ પરથી બન્યો છે. તેનો અર્થ થાય છે જોડવું અથવા જોડાવું વ્યક્તિ પોતાના મૂળ સ્વરૂપ સાથે જોડાય અથવા પરમાત્મા સાથે જોડાય તેને યોગ કહે છે.

**योगेन चित्तस्य पदेन वाचां मलं शरीरस्य च वैद्यकेन ।**
**योऽपाकरोत्तं प्रवरं मुनीनां पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि ॥**

યોગ જે રીતે આપણને એકતાંતણે બાંધે છે, એ યોગ છે, યોગ સ્વસ્થ અને શક્તિશાળી સમાજનું સર્જન કરે છે, જે પ્રચંડ સામૂહિક શક્તિ ધરાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઋષિમુનિઓના કથનો ટાંકીને સમજાવ્યું હતું કે, "આપણને એકતાંતણે જોડે છે એ યોગ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, યોગનો પ્રચાર એ વિચારનું વિસ્તરણ છે કે, સકળ વિશ્વ  કે સંપૂર્ણ દુનિયા એક પરિવાર સમાન છે. ચાલુ વર્ષે જી૨૦ શિખર સંમેલનની ભારતની અધ્યક્ષતા માટેની થીમ 'એક પૃથ્વી, એક પરિવાર, એકસમાન ભવિષ્ય' વિશે વાત કરીને પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, યોગના પ્રચાર–પ્રસાર પાછળ 'વસુધૈવ કુટુમ્બકમ્'નો વિચાર રહેલો છે. તેમણે ઉમેર્યુ હતું કે, "અત્યારે દુનિયાભરમાં કરોડો લોકો 'વસુધૈવ કુટુમ્બકમ્ માટે યોગ'ની થીમ પર ખભેખભો મિલાવીને યોગ કરી રહ્યાં છે." આત્મનિર્ભર રાષ્ટ્રનું નિર્માણ કરવામાં અને દેશની સાંસ્કૃતિક ઓળખ ફરી સ્થાપિત કરવામાં મદદ મળી છે. તેમણે જણાવ્યું હતું કે, દેશ અને એની યુવા પેઢીએ આ ઊર્જા ઊભી કરવામાં પ્રચંડ યોગદાન કર્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે, 'હાલ દેશના લોકોનો માનસિક અભિગમ બદલાયો છે, જે લોકો અને તેમના જીવનોમાં પરિવર્તન લાવે છે."

મનુષ્યની મૂળ પ્રકૃતિ આધ્યાત્મિક છે એવી ભારતીય મનોવિજ્ઞાનની માન્યતા છે. આધ્યાત્મિક પ્રકૃતિને કારણે જ વિજ્ઞાન, સાહિત્ય, સંસ્કૃતિ, કલા, સદાચાર અને ધર્મની અભિવ્યક્તિ મનુષ્યએ પોતાનામાં કરી છે. આ ચરાચર જગતમાં પરમ તત્વ મનુષ્યના અંતર આત્માને માનવામાં આવે છે. આત્મા, મન, અહંકાર અને બુદ્ધિથી અલગ છે. મનુષ્ય આ આત્માની શક્તિથી અજાણ અને અપરીચિત હોય છે. આત્માના ચેતનને જાગૃત રાખવા જ આધ્યાત્મિક શિક્ષણ આવશ્યક છે. આપણા આત્માને ચેતનવંતો રાખવામાં અહમ નડતો હોય છે. આપણે શરીર અને મન છીએ, તેમ માનવાને બદલે હું આત્મા છું અને આત્મા અજરા અમર અવિનાશી સત્તા છે, તેનું ચિંતન કરવું જરૂરી છે. તેમજ આત્મા જ ઈશ્વર છે અને પ્રાણીમાત્રમાં ઈશ્વર આત્મા રૂપે રહેલો છે, તેનું દર્શન થવું તે જ આધ્યાત્મિક શિક્ષણ છે. વિદ્યા જ મુક્તિ અપાવી શકે છે. તેથી બાળકના મનમાં આધ્યાત્મિક સંસ્કારનું સિંચન કરવું અતી આવશ્યક છે અને તેને માટે નિયમિત યોગ અભ્યાસ ઈશ્વર પ્રત્યેની આસ્થા, શ્રદ્ધા, અને ભક્તિ અનિવાર્ય છે. શરીર અને મનનું એકય રૂપ થાય તો જીવનનું લક્ષ્ય અને જીવનને લક્ષ્ય જાગૃતિ આવશ્યક રહે છે, એવી રીતે નિર્ભયતાનો ગુણ આવશ્યક છે, એવો જ ગુણ સ્વતંત્રતાનો, એવો જ ગુણ પ્રસન્નતાનો, એવો જ ગુણ વિનય શીલતાનો, એવો જ ગુણ અન્ય પ્રત્યેનો પ્રેમ, સહાનુભૂતિનો અને કરુણાનો આવશ્યક છે. આ બધા જે ગુણો છે તે ગુણો દ્વારા વ્યક્તિ પોતાનાથી ઉપર ઉઠી શકે છે અને સર્વનું હિત જોઈ શકે છે. આપણી ભારતીય પરંપરા છે એમાં આ પ્રકારનો વિચાર એ વિશેષ રહેલો છે એટલે "શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ" આ જે સૂત્ર છે એ સૂત્રને આપણે સાર્થક કરીએ તો આપણું જીવન છે, એ આંતરિક અને બાહ્ય બન્ને રીતે સુખરૂપ બની શકે છે અને તેના માટે યોગ અને આધ્યાત્મ અને એની સાથે ત્રીજું મહત્વનું જે બિંદુ છે તે બાહ્ય પર્યાવરણ. આ પર્યાવરણ એ આપણા જીવનનું મહત્વનું ઘટક છે કારણ કે મનુષ્ય પોતાના જીવનમાં જયાં જીવે છે તે સ્થાનથી પરિચિત હોય તેના પ્રત્યે સમભાવ હોય તે આવશ્યક છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વિશ્વભરમાં ઉજવણી તે ભારતનો પુનઃર્બોધ છે, આપણે બધાએ નાગરિક ધર્મ (કર્તવ્ય) નિભાવીને આપણી ધરોહરને ગૌરવ અપાવવાનો એક સુવર્ણ અવસર આપણી પાસે છે. આત્મનિર્ભર ભારત દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષની ભવ્ય ઉજવણી પણ થઈ તેના સુફળ આપણને આગામી વર્ષોમાં મળશે એવી અપેક્ષા સાથે સૌને શુભેચ્છાઓ...

તા. ૧ જુલાઈ, ૨૦૨૩

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### Talk in Radio Madhuvan

Dr. Kishorbhai C. Poriya, Head, Department of Physics Delivered a Radia and Youtube Talk in Radio Madhuvan Tarang Programe 'બાતેં મુલાકાતે' Epic-1082 with Prajapati Bhrahmakumari, Mount Abu on Dt. 14-05-2023 at 07:15 pm.







### Presenting Research Work at NSCGA

ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. કે.સી.પોરિયાએ તા. ૨૧ થી ૨૩ જૂન, ૨૦૨૩ના રોજ NSCGA (National Seminar on Crystal Growth Application) અલગપ્પા યુનિવર્સિટી, તામિલનાડુ ખાતે સંશોધન કાર્ય પ્રસ્તુત કર્યુ.




### Appointed as Member of Academic Council

ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. કે.સી.પોરિયાની વિદ્યાદીપ યુનિવર્સિટીની એકડેમિક કાઉન્સિલના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી.

### Selected as Member on International Organising Committee

Dr. Kishorbhai C. Poriya, Head, Department of Physics is Selected as Member on International Organising Committee in (ICCC) International Conforence on Crystallography & Crystallization, Vancouver, Canada.




### Won the Best Oral Presentation Award

ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. કે.સી.પોરિયાએ તા. ૨૬ થી ૨૮ જુન, ૨૦૨૩ના રોજ International Conference on Recent Trends in Analytical Chemistry (ICRTAC-2023) ખાતે પોતાના સંશોધન પેપરની શ્રેષ્ઠ રજૂઆત માટેનો Prof. Rajeshwari Best Presentationનો એવોર્ડ જીત્યો.



## વૃક્ષારોપણ કાર્યક્રમ

યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી એડવોકેટ કિરણભાઈ ઘોઘારી અને NSSના કો–ઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્રની હાજરીમાં યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીનાં ભાગ રૂપે યુનિવર્સિટી કેમ્પસના નક્ષત્રવન ખાતે તા. ૫/૬/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'વૃક્ષારોપણ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ પ્રકારના વૃક્ષો રોપવામાં આવ્યા હતા. હાજર રહેલ તમામે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં પરીક્ષા નિયામક શ્રી એ.વી.ધડૂક, કાર્યકારી નાયબ કુલસચિવશ્રી ડૉ. દિપેશભાઈ પટેલ, ડૉ. પ્રકાશભાઈ બચરવાલા, ડૉ. હિતેશ વાઘેલા, ડૉ. નરેન્દ્ર પટેલ, ડૉ. ડી.જી.ઠાકોર, ડૉ. કપિલા મનોજ, ડૉ. ભરતભાઈ ઠાકોર, ડૉ. ફાલ્ગુની ઠક્કર, ડૉ. વિપુલભાઈ સોમાણી, શ્રી ડેવિડ પોલ, વિવિધ વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓ તેમજ NSSના સ્વયંસેવકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. પર્યાવરણની જાગૃતિ ફેલાય તે માટે વિવિધ પ્રકારના બેનરો લગાવ્યા હતા.




























## મેગા જોબફેર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. રોજગાર કચેરી, સુરત અને લોકલ વોકલ ફાઉન્ડેશન, સુરતના સંયુક્ત ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન તા. ૦૬/૦૬/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ થી ૦૩:૦૦ સુધી કરવામાં આવ્યું હતું. આ રોજગાર ભરતી મેળાનું ઉદ્ઘાટન ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી રમેશભાઈ વઘાસિયાના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, લોકલ વોકલ ફાઉન્ડેશનનાં પ્રમુખશ્રી આકાશભાઈ વઘાસિયા, યુનિવર્સિટી પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શનભાઈ પુરોહિત, રોજગાર કચેરીમાંથી રોજગાર અધિકારીશ્રી એસ.પી.ગોહિલ, કરિયર કાઉન્સિલરશ્રી બિપિનભાઈ માંગુકિયા, અમરોલી કૉલેજના આચાર્યશ્રી મુકેશભાઈ ગોયાણી તેમજ અન્ય મહેમાનો હાજર રહ્યા હતા.

શ્રી રમેશભાઈ વઘાસિયાએ ઉદ્બોધનમાં રોજગાર ભરતીમેળાને 'રોજગાર યજ્ઞ' તરીકે ગણાવ્યો હતો. તેમજ દેશના વિકાસમાં સૌને ભાગીદાર બનવા હાંકલ કરી દરેક ઉમેદવાર મિત્રોને કંપનીની જવાબદારી બનવાને બદલે કંપનીની મિલકત બનવા જણાવ્યું હતું. તદ્ઉપરાંત કંપનીના પ્રતિનિધિઓએ ઉમેદવારોની પસંદગી બાદ માત્ર એમ્પ્લોઇઝ તરીકે ટ્રીટ કરવાને બદલે એમ્પ્લોઈના વિકાસમાં જ કંપનીનો વિકાસ છે તે રીતે કામ કરવાનું સુચન કર્યું હતું.

આ ભરતી મેળામાં વિવિધ ક્ષેત્રની ૫૪ કંપનીઓએ ૮૫૦ થી વધું જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લીધાં, જેમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસઝ, જના ફાઈનાન્સ, આઈ.ડી.એફ.સી., કિરણ હોસ્પિટલ, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, આર્ટૂન, ન્યુટ્રા ફાર્મા, જેવી નામાંકિત કંપનીઓએ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લીધા, સુરત જિલ્લાના વિવિધ અભ્યાસ કરેલ ૧૧૨૫ ઉમેદવારોએ આ ભરતી મેળા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ જેમાંથી ૭૨૦ ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ આપેલ, જે પૈકી ૪૮૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ છે. TCS દ્વારા તેમની જગ્યાની લાયકાત મુજબના ૧૧૪ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવેલ, પાસ થનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂ બાદ TCS ખાતે કામ કરવાની તક મળશે. આગામી દિવસો દરમ્યાન વિવિધ સેકટર સાથે ખાસ ભરતી મેળાનું આયોજન થનાર છે.











## વિદાય સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૪/૦૬/૨૦૨૩ના યુનિવર્સિટીના જુદા જુદા વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા સાત કર્મચારીઓની વય મર્યાદાને કારણે નિવૃત થતા યુનિવર્સિટીના સેનેટ હોલમાં વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિવૃત થતા કર્મચારીઓએ તેમના જીવનનો સૌથી મોટો હિસ્સો યુનિવર્સિટીના ઘડતરમાં આપ્યો છે. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. વિપુલ જે. સોમાણી, ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ડૉ. વિભૂતીકુમાર જી. જોષી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના નિયામકશ્રી પોલ ડેવિડ, કોમ્પ્યૂટર સાયન્સના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રીમતિ મીનાબેન કે. પટેલ, કોમ્પ્યૂટર સાયન્સના સેવકશ્રી શ્રી કાંતિભાઈ કે. રાઠોડ, હેલ્થ સેન્ટરના વોર્ડબોય કમ પ્યૂન શ્રી. રમેશભાઈ પરભુભાઈ પટેલ અને એચ.આર.ડી. વિભાગના સ્વર્ગસ્થ ઠાકોરભાઈ આર. સોલંકીનું દુઃખદ અવસાન થયેલ તેમની સેવાને પણ યાદ કરીને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ/સેનેટ સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી નિવૃત્તિ પામનાર કર્મચારીઓને પુષ્પગુચ્છ, સાલ અને યુનિવર્સિટીની યાદગીરીના ભાગરૂપે સ્મૃતિ ભેટ અર્પણ કરી તેઓના આટલા વર્ષની કારકિર્દીના કાર્યોને વધાવ્યાં હતાં.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, આપના અનુભવોને કારણે યુનિવર્સિટી દ્વારા જે નવી શિક્ષણનીતિ લાગું કરવામાં આવી છે તે અંતર્ગત યુનિવર્સિટીમાં આટલા વર્ષના આપના કાર્યકાળનો અનુભવોનો સહયોગ મળી રહે અને આ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થવું એ તો સરકારી નિયમ અનુસાર હોય પરંતુ આ યુનિવર્સિટી આપ સૌનો પરિવાર છે. આ યુનિવર્સિટી આપને હરહંમેશ સહયોગી બની રહેશે.

આ પ્રસંગે નિવૃત્ત થનાર કર્મચારીઓ દ્વારા પોતાના કાર્યકાળ દરમ્યાન થયેલા અનુભવોનું ભાથુ મંચસ્થ પરથી વ્યકત કર્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા તેમના વકતવ્યમાં એમના કાર્યકાળને બિરદવી કાર્યક્રમમાં ઉપસ્થિત કુલપતિશ્રી, સિન્ડિકેટ/સેનેટ સભ્યશ્રીઓ, વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, નિવૃત્ત થનાર કર્મચારીઓ, તેઓના પરિવારશ્રી તેમજ ઉપસ્થિત તમામ મહાનુભાવોનો હાજર રહેવા બદલ આભાર વ્યકત કર્યો હતો.





















## રિસર્ચ મેથેડોલોજી ફોર ટ્રાયબલ : બે દિવસીય સેમીનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ટ્રાયબલ રિસર્ચ એન્ડ નૉલેજ સેન્ટર અને જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાતના સંયુકત ઉપક્રમે તારીખ ૧૭–૧૮ જૂન, ૨૦૨૩ના રોજ અંગ્રેજી વિભાગના સેમિનાર હોલમાં રિસર્ચ મેથેડોલોજી એન્ડ ટેકનિકસ ઈન ટ્રાયબલ સ્ટડીઝ પર બે દિવસીય કાર્યશાળા યોજાઈ. કાર્યશાળામાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. જે.કે.બજાજ, ચેરમેન, ઇન્ડિયન કાઉન્સિલ ફોર સોશિયલ સાયન્સ રીસર્ચ, ન્યુ દિલ્હી અને વિશેષ અતિથિ તરીકે નેશનલ કમિશન શેડયુઅલ ટ્રાયબ, ન્યુ દિલ્હીના ચેરમેનશ્રી હર્ષ ચૌહાણ ઉપસ્થિત રહી માર્ગદર્શન કર્યું હતું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ યુનિવર્સિટીમાં આયોજિત વર્કશોપને ઐતિહાસિક ગણાવ્યું અને યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવેલ સેન્ટર ફોર ટ્રાયબલ રિસર્ચ અંતર્ગત જનજાતિ અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ માટે ભારતીય દર્શનશાસ્ત્રીય સંશોધનકાર્ય પર ભાર મૂકયો હતો અને આયોજિત કાર્યશાળાને ઐતિહાસિક ક્ષણ ગણાવી કાર્યક્રમ યુનિવર્સિટી માટે સુર્વણ અક્ષરે લખાયું હોવાનું ગૌરવ વ્યકત કર્યું છે.

માન. શ્રી ડૉ. જે.કે. બજાજએ કાર્યશાળા ઉદ્‌ઘાટન ક્ષેત્રમાં જણાવ્યું કે જનજાતિ અસ્મિતા, અસ્તિત્વ અને વિકાસ સંબંધિત નવા દ્રષ્ટિકોણથી સંશોધન કરવાની દિશા પ્રદાન કરી છે. માન. શ્રી હર્ષ ચૌહાણે યુનિવર્સિટીમાં સેન્ટર ફોર ટ્રાયબલ રિસર્ચમાં જનજાતિ સમુદાયોની સમસ્યાઓ શોધવા કરતાં તેનું સમાધાન શું હોય શકે તેને આવશ્યક ગણાવ્યું. સાથોસાથ જનજાતિ વિશેના પૂર્વગ્રહો છોડી વાસ્તવિક હકીકતો જાણી, સમજી અને અનુભવ કરી યોગ્ય સંશોધન પદ્ધતિ પસંદ કરી સંશોધનો થાય તેના પર ભાર મૂકયો હતો.

માન. શ્રી હર્ષ ચૌહાણે યુનિવર્સિટીમાં આયોજિત વર્કશોપને દેશભરમાં પ્રથમ વખત થતાં ઐતિહાસિક ગણાવ્યો. વધુમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે શરૂ કરવામાં આવેલ સેન્ટર ફોર ટ્રાયબલ રિસર્ચ અંગે સરાહના કરી છે. યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ કાર્યક્રમને બિરદાવતા તમામ રીતે સહયોગ આપવાની ખાતરી આપી હતી. આયોજિત વર્કશોપમાં દેશભરમાંથી જનજાતિ સમાજ કાર્ય અને સંશોધન કરતાં વિદ્વાનો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં શ્રી સંદીપ કવિશ્વર, પ્રો. મિલિન્દ દાંડેકર, પ્રો. રાજીવ રંજન, ડૉ. ફિરમી બોડો, ડૉ. મિલિન્ડ થટ્ટે, પદ્મશ્રી ગિરીશ પ્રભુને, ડૉ. ગજાનંદ ડાંગે, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવી, પ્રો. વિવેક કુમાર, સામાજિક કાર્યકર માન. શ્રી વૈભવ સુરંગે, શ્રી યોગેશ ગામિત, શ્રી ધર્મરાજ કટયારે, શ્રી ફુલચંદ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સિન્ડિકેટ સભ્યશ્રી વિમલ શાહ, શ્રી કિરણ ઘોઘારી, સેનેટ સભ્યશ્રી ડૉ. ધર્મેશ જૂરેમલાની, ડૉ. દિપક ભોયે, વિભાગીય અધ્યક્ષ અને વિવિધ કોલેજોમાંથી જનજાતિ સમાજના પ્રાધ્યાપકો અને શોધાર્થીઓ સહભાગી થયાં હતાં.













## સમર ફિટનેશ કેમ્પની પૂર્ણાહુતિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એક એવી યુનિવર્સિટીઓમાંથી છે, જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ–બહેનો માટે સમર ફિટનેશ કેમ્પનું આયોજન કરે છે, જે એક ગર્વની બાબત છે. સમગ્ર જનરલ ફિટનેશ કેમ્પથી ખેલાડીઓમાં સ્પીડ સ્ટ્રેન્થ, એન્ડયોરન્સ, ફ્લેકિસબિલિટી, મોબિલિટી, એજિલિટી ડેવલોપ માટે વિવિધ ડ્રિલ્સ કરાવવામાં આવી હતી, સાથે ગુજરાત સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા માન્ય ડાયેટ આપવામાં આવ્યું હતું. આ વર્ષે યોજાયેલા ૨૧ દિવસનો સમર ફિટનેશ કેમ્પની અંદર લગભગ ૫૯ જેટલા ખેલાડી ભાઈઓ–બહેનોએ કોચિંગનો લાભ લઈને પોતાની શકિતનો વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના પ્રમુખપદે યોજાયેલ પૂર્ણાહુતિ સમારંભમાં, સિન્ડિકેટ સભ્યો, ડૉ. કશ્યપ ખરચિયા, શ્રી હસમુખ પટેલ અને શ્રી કિરણ ઘોઘારી, સેનેટ સભ્યશ્રી મિનેશ નિઝામા, યુ.ક. અને શા.શિ. વિભાગના પૂર્વ નિયામકશ્રી પોલ ડેવિડ તથા વિભાગના હાલના ઈ.ચા. નિયામકશ્રી ડૉ. યોગેશ વાંસિયા ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું કે, રમત–ગમતમાં સિદ્ધિ હાંસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પસમાં મળેલી ટ્રેનિંગ ઉપયોગી થાય અને તમે

તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા, તેમજ આ સમારંભમાં ખેલાડીઓને સર્ટિફિકેટ તથા ગણવેશ આપવામાં આવ્યાં હતાં.

ઇ.ચા.નિયામકશ્રી ડૉ. યોગેશ વાંસિયાએ કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડી ભાઈઓ–બહેનો ફિટનેશ કેમ્પસની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી. સમર ફિટનેશ કોચિંગ કેમ્પના કોચશ્રી કેતન પટેલ, શ્રી મિલન વ્યાસ અને શ્રી બાલકિષ્ન ગુર્જરનું કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધિ ઇ.ચા. નિયામકશ્રી ડૉ. યોગેશ વાંસિયાએ કરી હતી.











## વિશ્વ યોગ દિવસની પૂર્વ ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઉચ્ચ શિક્ષણ કમિશનર ગાંધીનગરના આદેશ અનુસાર વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૧૭/૦૬/૨૦૨૩ના રોજ સવારે ૭:૦૦ થી ૭:૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રાજચંદ્ર પ્રાર્થના સભા હોલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ યોગ દિનના કાર્યક્રમમાં યોગ થેરાપિસ્ટ, પ્રશિક્ષક, નિયામક, સુરત યોગા ગ્રૂપના સ્થાપક દિપેશ જનકકુમાર સુખડિયાએ સૂર્યનમસ્કાર, પ્રાણાયામ અને સુક્ષ્મ ક્રિયાઓ જેવા યોગો કરાવ્યા હતા. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિવિધ વિભાગના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.










## ઉન્નત ભારત અભિયાન : માર્ગદર્શન કાર્યશાળા














ઉન્નત ભારત વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૭/૦૬/૨૦૨૩નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે 'ઉન્નત ભારત અભિયાનમાં જોડાવવા માટે માર્ગદર્શન કાર્યશાળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તેમજ NSS અને યુ.બી.એ.ના કો–ઓર્ડિનેટર શ્રી ડૉ. પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળામાં ડૉ. કે.ડી. યાદવ, રિજિયોનલ કો–ઓર્ડિનેટર, આર.સી.આઈ–યુ. બી.એ, SVNITએ ઉપસ્થિત રહી ઉન્નત ભારત અભિયાન અને આર.સી.આઈ.ના કાર્યો વિશે પરિચય અને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.મનિષ કે.રાઠોડ, રિજિયોનલ કો–ઓર્ડિનેટર, આર.સી.આઈ–યુ.બી.એ, SVNIT દ્વારા પાર્ટીસિપેટરી રૂરલ એપ્રાઈઝલ અને પાર્ટિસિપેટીગ ઇન્સ્ટિટ્યૂટની ભૂમિકા અને ગ્રામીણ વિકાસના કાર્યો વિષય પર અને શ્રી જયદીપ એન. વોરા, યુ.બી.એ. મેનેજર, આર.સી.આઈ–યુ.બી.એ, SVNITએ ઉન્નત ભારત અભિયાનમાં પાર્ટિસિપેટિંગ બનવા માટેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા વિષે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી, સુરત સંલગ્ન જુદી–જુદી કૉલેજના યુ.બી.એ. કો–ઓર્ડિનેટરશ્રીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું યુનિવર્સિટી અધિકૃત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જીવંત પ્રસારણ કરવામાં આવેલ હતું.

## B. Design/M. Design અભ્યાસક્રમને મંજૂરી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્વનિર્ભર ધોરણે ચાલતાં અભ્યાસક્રમો પૈકી B.Arch. કોર્ષને આર્કિટેકચર કાઉન્સિલ તરફથી ૬૦ સીટ M.Plan (માસ્ટર ઓફ પ્લાનીગ) અભ્યાસક્રમને AICTE દ્વારા ૨૦ સીટ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માન્ય B.Design/M.Design અભ્યાસક્રમને ૪૦ સીટની મંજૂરી મળેલ છે. કોઈ પણ પ્રકારના મેનેજમેન્ટ ક્વોટા કે હાયર પેમેન્ટ સીટ રાખ્યા વિના સરકારી યુનિવર્સિટીની નીતિને સુસંગત સૌનો સાથ, સૌનો વિકાસની ભાવનાને અનુરૂપ સંપૂર્ણ પારદર્શિતા પૂર્વક શ્રી જી.સી.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્કિટેકચર ઈન્ટીરિયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટ્સ સતત કાર્યરત છે. સરકારી યુનિવર્સિટી હોવાથી અન્ય કૉલેજની સરખામણીમાં અહીં ખૂબ જ ઓછી ફી માં ઉત્તમ શિક્ષણ તથા શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રકચર આપવામાં આવે છે. આથી આ વ્યવસ્થાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી આવા પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં ઉજ્વળ કારકિર્દી બનાવવા માટે સમગ્ર દક્ષિણ ગુજરાતની જનતાને પ્રવેશ મેળવવા તાકીદે આર્કિટેકચર વિભાગનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સતત માર્ગદર્શન અને સાથ સહકારથી યુનિવર્સિટીના શ્રી જી.સી.પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ આર્કિટેકચર, ઇન્ટીરિયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટ્સની ઉત્કૃષ્ટ શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃત્તિઓની છેક કેન્દ્ર સરકાર સુધી નોંધ લેવામાં આવેલ છે અને પશ્ચિમ ભારતનાં ઐતિહાસિક ધરોહરનાં સંરક્ષણ માટે નિયમો બનાવવા માટે આ વિભાગની પસંદગી કરી ગેઝેટમાં માન્યતા આપેલ છે. આખા ભારતભરની ચુનંદી સંસ્થાઓમાંની એક હોવાનું ગૌરવ ધરાવે છે. તેમજ નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથે ખભે–ખભા મિલાવીને આ દિશામાં કાર્યરત છે.

## Department of Rural Studies

### વૃક્ષારોપણ કાર્યક્રમ

તા. ૨૭/૦૬/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા ચાલતા કુદરતી સંસાધનોનું વ્યવસ્થાપન, વૈશ્વિક હવામાન પરિવર્તન અને ગ્રામીણ સમાજ તેમજ ટકાઉ ગ્રામીણ વિકાસના કોર્ષના પ્રાયોગિક અભ્યાસ સાથે કેમ્પસને વધુ હરિયાળુ બનાવી, કેમ્પસની મુલાકાત લેનાર હિતધારકોને વૃક્ષારોપણની પ્રેરણા મળી રહે તે હેતુથી વિસ્તરણ પ્રવૃતિ તેમજ ગ્રીન કેમ્પસ અભિયાનના ભાગરૂપે વૃક્ષ વાવેતર તહેવારની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી, આમંત્રિત મહેમાનો, અત્રેના કાર્યકારી વિભાગીય વડાશ્રી ડૉ. દીપકભાઈ ભોયે, પ્રાધ્યાપકશ્રી ડૉ. શ્રીધરભાઈ નિમાવત અને ડૉ. દિપેશ ઝા સાથે માસ્ટર ઓફ રૂરલ સ્ટડીઝના અને બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ)ના વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત કેમ્પસમાં જૈવ વિવિધતા ટકી રહે તે હેતુથી પક્ષીઓને સળતાથી કુદરતી ખોરાક મળી રહે તેવા બાગાયતી ફળાઉ રોપા–કલમ જેમકે ચીકુ, આંબો, બદામ, આમળા, જામફળ જેવા વૃક્ષો તેમજ જંગલી ફળાઉ રોપા–કલમ જેમકે કમરખ, ફણસ, આંબલી, પીપલ, વડ, ઊમરો, જાંબુ જેવા વૃક્ષોને નિયત અંતર અને વૈજ્ઞાનિક પદ્ધતિથી રોપવામાં આવેલ છે. તેમજ આ તમામ વૃક્ષોનું જતન સારી રીતે થઈ શકે તે માટે દરેક વિદ્યાર્થીદીઠ એક વૃક્ષની દતક્તાનો સંકલ્પ કરવામાં આવ્યો. કાર્યક્રમને સુસારું બનાવવા તેમજ દાતાશ્રી દ્વારા ફળાઉ રોપા–કલમ મેળવવા અને નિયત જગ્યાની પસંદગી, ખાડા–ખામણાની વ્યવસ્થા પ્રા. ડૉ. શ્રીધરભાઈ નિમાવત તથા ડૉ. દિપેશ ઝા દ્વારા આયોજન કરવામાં આવ્યું.















## Department of Interior Design

### ફોટોગ્રાફના પ્રદર્શન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનના આસિસ્ટન્ટ પ્રો. અંકિત ચાંગાવાળા દ્વારા ન્યુ એજ્યુકેશન પોલીસી એન.ઇ.પી. ૨૦૨૦ના અનુરૂપ બેઝિકસ ઓફ ફોટોગ્રાફી સર્ટિફિકેટ કોર્સ ડિઝાઈન કરેલ છે. જે કુલ ૩૦ કલાક અને કુલ બે ક્રૅડીટ ધરાવે છે જેમાં પ્રથમ બેચમાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ કરાવ્યું હતું. જેના ભાગરૂપે તા. ૦૩–૦૬–૨૦૨૩ ના રોજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટિરિયર ડિઝાઇન, નર્મદ ભવન ખાતે આ વિદ્યાર્થીઓના ફોટોગ્રાફના એકિઝબિશનનું આયોજન કરેલ હતું. જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. તદઉપરાંત કોર્સના મેન્ટરોએ પણ હાજરી આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને શહેરીજનોએ પણ આ પ્રદર્શનને નિહાળવા હાજરી આપી હતી. આ પ્રદર્શન વધુ એક અઠવાડિયા માટે એટલે કે તા. ૧૦–૦૬–૨૦૨૩ સુધી શહેરીજનો પ્રદર્શનને નિહાળી શકશે અને આ પ્રદર્શન નિહાળવા માટે તમામ શહેરીજનોને આમંત્રણ આપ્યું હતું.

















## Department of Journalism & Mass Communication

### ભારતના વૈજ્ઞાનિક તથા તકનીકી શબ્દાવલી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના જર્નાલિઝમ અને માસકોમ વિભાગ પર ભારતના વૈજ્ઞાનિક તથા તકનીકી શબ્દાવલી આયોગ, શિક્ષણ વિભાગ દ્વારા ત્રિભાષા મૂળભૂત જનસંચાર શબ્દાવલીમાં અંદાજે ૨૨૩૦ શબ્દો, લર્નરસ ગ્લોસરી ભાગ એક ધોરણ ૧ થી ૫માં કમ્પ્યૂટર, ગણિત અને એન્વાયરમેન્ટ વિષયના અંદાજે ૩૫૦૦ શબ્દો (અંગ્રેજી–હિન્દી–ગુજરાતી) નિર્માણ પ્રક્રિયા તથા રસાયણ વિજ્ઞાન ૩૫૦૦ શબ્દોની ફાઈનલ ગ્લોસરીની રીવ્યુ બેઠક તા. ૨૯–૦૫–૨૦૨૩ થી તા. ૦૨–૦૬–૨૦૨૩ દરમ્યાન યોજાઈ ગઈ.

આ કાર્યશાળાનો ઉદ્ઘાટન સમારોહમાં યુનિવર્સિટીનાં કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષસ્થાને યોજાયો હતો, આયોગના અધ્યક્ષ પ્રો. ગિરીશનાથ ઝાએ ઓનલાઈન ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. આયોગ દ્વારા ચકપ્રમ બિનોદીની દેવી સહાયક નિદેશકે જનસંચાર શબ્દાવલી વિશે માર્ગદર્શન આપ્યું હતું તથા સુશ્રી મર્સી લલરોહલૂ હમાર સહાયક નિદેશક શબ્દાવલી અને ગ્લોસરી તૈયાર કરવાની પદ્ધતિ અને તેના મહત્વપૂર્ણ પાસાં વિશે વાત કરી હતી. કુલસચિવશ્રી ડૉ.આર.સી.ગઢવીએ યુનિવર્સિટી વતી આવકાર આપ્યો હતો. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ભારતીય ભાષાના સાંસ્કૃતિક એકાત્મની વાત કરી શબ્દાવલીના વર્તમાન સંદર્ભમાં વાત કરી હતી. આ ઉપરાંત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. જયંતીભાઈ ચૌધરી, ડૉ.કેતનભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રસાયણ શાસ્ત્રની બેઠકના કો–ઓર્ડિનેટર તરીકે પ્રો.કિશોરભાઈ ચિખલિયા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાતભરનાં ૪૦ જેટલા વિદ્વાનો ઉપસ્થિત રહેલ. આ કાર્યશાળાના જર્નાલિઝમ અને માસકોમ ગ્લોસરી અને ધોરણ એકથી પાંચની ગ્લોસરી નિર્માણકાર્યના કો–ઓર્ડિનેટર તરીકેની જવાબદારી ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક અને જર્નાલિઝમ અને તુલનાત્મક સાહિત્ય વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોરે સંભાળી હતી.














## પત્રકારિતા આજ અને કાલ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન દ્વારા શનિવારના રોજ 'પત્રકારિતા આજ અને કાલ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ'નું આયોજન કરાયું હતું. યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના સેમિનાર હોલમાં યોજાયેલા કાર્યક્રમના જુદા જુદા સત્રમાં શહેરના જાણીતા અખબારોના સંપાદકો અને વરિષ્ઠ પત્રકારોએ પોતાના વકતવ્યમાં માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ સત્રમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ માટે પત્રકારિતા વિષયના મૂંઝવતા મુદ્દાઓ પર ચર્ચા અને પશ્નોતરી પણ યોજાઈ હતી અમ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટના કુલપતિશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય કરીને કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોને પુસ્તક અને ફાઈન આર્ટ્સ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ છબીચિત્રો આપીને સન્માનિત કરાયા હતા. સંમેલનમાં અખબારી આલમના દિગ્ગજોએ પત્રકારત્વ ભણી રહેલા વિદ્યાર્થીઓને આવતી કાલ માટે તૈયાર રહેવા ભાષા પર પ્રભુત્વ મેળવવાની સાથે વાંચન પર મજબૂત પકડ જમાવી લેવાનો આગ્રહ કર્યો હતો.

દિવ્ય ભાસ્કરના તંત્રી વિજય ચૌહાણે કહ્યું હતું કે, આજના સમયમાં પત્રકારોને પ્રામાણિક રહેવું જરૂરી છે. તમે પોતાનું કામ સિદ્ધાંતની સાથે સ્ટેપ બાય સ્ટેપ ફોલો કરતા રહો. પહેલાના સમયમાં દરેક માહિતી સમાચાર પેપરના માધ્યમથી મળતી હતી. પરંતુ જ્યારથી ટેકનોલોજિ આવી છે, ત્યારથી તે સમાચાર પત્ર માટે એક વરદાન રૂપ સાબિત થઈ છે. વધુમાં ડિજિટલ મીડિયા મામલે કહ્યું હતું કે, ડિજિટલ મીડિયામાં માત્ર એક કે બે વાકયમાં સમગ્ર ઘટના કહેવામાં આવે છે. જ્યારે સમાચાર પત્રમાં તે ઘટનાની સમગ્ર માહિતી ૩૬૦ ડિગ્રી ઍંગલમાં કહેવામાં આવે છે. સમાચાર પત્ર અને ડિજિટલ મીડિયા એ બંનેના ફાયદા અને તાકાત અલગ અલગ છે. વિદેશ કરતાં આપણા દેશમાં સમાચાર પત્રની માન્યતા વધારે છે. તેમણે અંતે જણાવ્યું હતું કે તમારે સમય સાથે બદલાવ કરતાં રહેવું જરૂરી છે. પ્રિન્ટ મીડિયાની જેમ ડિઝીટલ મીડિયાનું પણ અલગ મહત્વ છે. પત્રકારત્વક્ષેત્રે પહેલાના સમયમાં રિપોર્ટર હસ્તલિખિત સમાચારો અખબારોને આપતા હતા, જ્યારે હવે કોમ્પ્યૂટર, લેપ્ટોપ, મોબાઈલ જેવા આધુનિક ઉપકરણોના ઉપયોગથી સમાચારો લખીને આપે છે. જેથી સમયની સાથે પરિર્વતન નહીં કરીયે તો પ્રાસંગિક રહી શકશે નહીં. તેમણે પત્રકારત્વના વિદ્યાર્થીઓને કહ્યું કે, પત્રકારત્વક્ષેત્રે આપશો તો તમારી સ્કીલ વધશે.

પરિસંવાદમાં વિદ્યાર્થીઓને 'જેક ઓફ ઓલ એન્ડ માસ્ટર ઓફ નન' બનવાની સલાહ આપતા ગુજરાત મિત્રના ન્યુઝ એડિટરશ્રી ધર્મેશ કુકડિયાએ કહ્યું કે, દરેક વિષયથી માહિતગાર રહેવું જરૂરી છે. તેમણે જણાવ્યુ કે, બદલાતા સમય સાથે પત્રકારોએ પણ પોતાની જૂની માનસિકતા બદલી માત્ર એક વિષયમાં જ્ઞાન મર્યાદિત ન રાખતા દરેક વિષયના જાણકાર બનવાનો અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે, એક સફળ પત્રકાર બનવા માટે ભાષા પર પ્રભુત્વ, સચોટ જ્ઞાન, તેમજ આધુનિક સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો એ સમયની માંગ છે. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા બદલાતું

રહેશે પણ સાથે પત્રકારે પણ પરિવર્તનશીલ અને સજ્જ રહેવું પડશે. પત્રકારે ફિલ્ડનું જ્ઞાન મેળવવું જરૂરી છે તો જ તે નિપુણતાથી લખી શકશે. માહિતિ તમે કેવી રીતે રજૂ કરો છો? અને તે માટે તમે કેટલા પ્રામાણિક રહો છો ? તે મહત્વનું છે. એક પત્રકાર તરીકે તમે જે લખો છો, તે તમારા વાચકને ધ્યાનમાં રાખીને લખો. જે ફિલ્ડમાં કામ કરો છો તે ફિલ્ડનું તમારે પાસે નૉલેજ હોવું જરૂરી છે. ઘણા પત્રકારો પાસે નોલેજ ના હોવાથી તમને સત્યની ખબર હોતી નથી.

ભારત યુવા અભિયાન સહતંત્રીશ્રી જસવંતસિંહ બ્રહમભટ્ટે જણાવ્યુ હતું કે, સોશિયલ મીડિયા થકી સમાચારો તત્કાલ મળતા હોય છે પણ અખબારમાં તે સમાચારોનું સચોટ નિરૂપણ વાંચવા મળે છે. બદલાતા સમયની સાથે પત્રકારની જવાબદારી પણ વધી છે. ભારત જ્યારે વિશ્વગુરુ બનવા તરફ જઈ રહ્યું છે ત્યારે પત્રકારોની ભૂમિકા મહત્વની બની રહેવાની છે. જો કોઈ પણ વ્યકિતને પત્રકારત્વમાં ભવિષ્ય બનાવવું હોય તો ઘર પ્રત્યેની લાગણીથી થોડું દૂર રહેવું અને રાષ્ટ્ર પ્રત્યેની ભાવના જગાવવી અત્યંત જરૂરી બની રહે છે. સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા અને સામાજિકતા પર સ્થાનિક સમાચારપત્રોની ભૂમિકા આ અવસરે ધબકાર દૈનિકના તંત્રીશ્રી નરેશભાઈ વરિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતી પત્રકારત્વનો ઉદય સુરતથી થયો છે. પ્રથમ અખબાર એવા મુંબઈ સમાચાર શરૂ કરનાર ફર્દુનજી મર્ઝબાન સુરતના રહેવાસી હતા. સુરતની સાચી ઓળખ સાહિત્ય અને પત્રકારત્વની છે. સુરતનું ખાનપાન સમગ્ર ભારતમાં વિખ્યાત છે. આ સંસ્કૃતિને વિશ્વમાં વિખ્યાત કરવાનું કાર્ય અખબારોએ કર્યું છે. ભૂતકાળમાં બહેરામજી મલબારીએ બાળ વિવાહ જેવા પરંપરાગત કુરિવાજોને તિલાંજલી આપવા માટે અખબારમાં ધારદાર લેખો લખ્યા હતા. વીર કવિ નર્મદ, ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ જેવા સુધારાવાદી અને સામાજિક જાગૃતિના પ્રહરી પત્રકારોએ સમાજને જાગૃત કરવાનું બિડું ઉઠાવ્યું હતું. પત્રકારત્વ એ પાર્ટટાઈમ જોબ નથી. જે ૨૪ કલાક જાગૃત રહીને કાર્ય કરી શકે તેઓએ આ ફિલ્ડમાં આવવું જોઈએ એવો મત વ્યક્ત કર્યો હતો.

સામના દૈનિક વર્તમાનપત્રના તંત્રીશ્રી મનોજ શિંદેએ સમાજમાં બનતી નાની–મોટી ઘટનાઓના સુયોગ્ય પ્રચાર–પ્રસાર થકી લોકોને નિયમિત અવગત કરતા પત્રકારત્વનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે આઝાદીની ચળવળ સમયે ગાંધીજી દ્વારા શરૂ કરાયેલા સમાચારપત્ર 'ઈન્ડિયન ઓપીનિયન' અને 'નવજીવન' ના ઉદાહરણ દ્વારા દાયકાઓ પહેલા શરૂ થયેલા પત્રકારત્વ અને તેમાં આવેલા બદલાવ વિષે ચર્ચા કરી સામાજિક ક્ષેત્રે અખબાર/મીડિયાના વિશેષ પ્રભાવ વિષે જાણકારી આપી હતી. વધુમાં તેમણે લોકશાહીના મૂલ્યોનું ખરા અર્થમાં જતન કરતા પત્રકારની આગવી ભૂમિકા જણાવી સમાજનું હિત ઇચ્છતા યુવાઓને પત્રકારત્વના હકારાત્મક પાસાઓ પર ધ્યાન આપી તેમાં નિષ્ઠાપૂર્વક જોડાવાનો અનુરોધ કર્યો હતો. ગુજરાત ગાર્ડિયનના વરિષ્ઠ પત્રકારશ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજના ડિજિટલ અને ઝડપી યુગમાં પરંપરાગત સમાચારપત્રોની જનમત ઘડવાની મહત્વની ભૂમિકા બદલાઈ રહી છે. અધૂરું જ્ઞાન અને ભાષા પર અપૂરતી પકડને કારણે દિશાહીન થઈ રહેલા પત્રકારત્વ પર ચિંતા વ્યકત કરી તેમણે ભાવિ પેઢીને સત્યની પડખે ઊભા રહી ફિલ્ડ પર જઈ લોકો સાથે સંવાદ કરીને રિપોર્ટીંગ કરવાની હિમાયત તેમણે કરી હતી.

વિરાંગ ભટ્ટે જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં લોકોને ઝડપભેર સમાચારો પહોંચાડવા માટે સોશિયલ મીડિયા અગત્યનું માધ્યમ બન્યું છે. આંગળીના ટેરવે દુનિયાના ખૂણે બનતી ઘટનાઓ લોકો સુધી પહોંચાડવા માટે ડિજિટલ મીડિયા યુગનો પ્રારંભ થયો છે ત્યારે પત્રકારત્વ એ કારકિર્દી ઘડવા માટેનું પણ ઉમદાક્ષેત્ર છે એમ જણાવ્યું હતું. ખબર ડોટ કોમના સંપાદકશ્રી જ્વલંત નાયકે જણાવ્યું કે, ડિજિટલ મીડિયાનો પ્રભાવ વધતા પ્રિન્ટ–ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં સ્પર્ધા વધી છે. ઓછાં શબ્દોમાં સમાચારને લોકો સુધી ઝડપભેર પહોંચાવા માટે સોશિયલ મિડિયાની ભૂમિકા અંગેની વિગતો તેમણે આપી હતી. અવસરે લોકતેજ હિન્દી દૈનિકના તંત્રીશ્રી કુલદીપ સનાઢ્ય તથા વોઈસ ઓફ ટ્રેડ હિન્દી દૈનિકના તંત્રીશ્રી અશોક ખાખોલિયાએ આંતરરાષ્ટ્રીય સ્તર પર રાષ્ટ્રની છાપ નિર્માણ માટે રાષ્ટ્રીય સમાચારપત્રોની ભૂમિકા પર પોતાના વકતવ્યો રજૂ કર્યા હતા. આ અવસરે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરતભાઈ ઠાકોર તથા પ્રા. ડૉ. કિરણ મિત્તલ તેમજ પત્રકારત્વક્ષેત્રે અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ, પ્રિન્ટ તથા ડિજિટલ મીડિયાના પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## Department of Biotechnology

### ઓરિએન્ટેશન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત બાયોટેકનોલોજિ વિભાગ દ્વારા માઈક્રોબાયોલોજિ અને બાયોટેકનોલોજિના નવા શૈક્ષણિક ૨૦૨૩–૨૪ના વિદ્યાર્થીઓ માટે ૪ (ચાર) દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. કુલપતિશ્રી ડૉ કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. વધુમાં વિભાગના સંયોજકશ્રી ડૉ. ગૌરવ શાહે ઉદ્ઘાટન પ્રવચનમાં વિભાગ દ્વારા આપવામાં આવતા

અભ્યાસક્રમોનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) 2020 વિશે પણ માહિતગાર કર્યા અને અંતે દરેકને સમગ્ર કાર્યક્રમની માહિતી આપી. કુલસચિવશ્રીએ કેમ્પસ, વિવિધ સુવિધાઓ , ઑફર કરાયેલા અભ્યાસક્રમો, રમતગમતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, હોસ્ટેલની સુવિધા અને બીજી ઘણી બધી બાબતોનો પરિચય આપ્યો હતો અને ઉજ્જવળ ભવિષ્ય માટે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત વિભાગ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ તથા એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. કુલપતિશ્રીએ કવિ નર્મદની પંક્તિઓ "યા હોમ કરીને પડો, ફતેહ છે આગે" વડે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે એક વિદ્યાર્થી તરીકે, શિક્ષક તરીકે, પછી યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકેની તથા બારડોલી કૉલેજથી શરૂ કરેલી તેમની જીવનકથાથી દરેકને પ્રેરિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીની પ્રગતિ એની સંસ્થા પર આધાર રાખે છે અને વિદ્યાર્થીની આર્થિક સ્થિતિ પર નહીં એ વાત પર ભાર મૂકયો હતો. તેમજ ભૌતિક વસ્તુઓ પાછળ દોડવાને બદલે ગુણવત્તાયુકત શિક્ષણનું મહત્વ છે, એ અંગે માર્ગદર્શન આપ્યું હતું. શિક્ષકની ભૂમિકા, વિદ્યાર્થી માટે જ્ઞાનનું મહત્વ, વિદ્યાર્થી જીવનમાં પડકારો જેવા મહત્વના વિષયો તેમના દ્વારા ચર્ચાયા હતા. વધુમાં શિલ્પકાર વિશેની વાર્તા દ્વારા વિદ્યાર્થીઓને મહત્વનો સંદેશ આપ્યો હતો કે સમાજ તેના જ્ઞાનના મૂલ્યો દ્વારા વ્યકિતનું મૂલ્યાંકન કેવી રીતે કરે છે. કવિ નર્મદની પ્રસિદ્ધ પંકિતઓ સાથે પર્યાવરણનું મહત્વ સમજાવીને પોતાનું વકતવ્ય પૂરું કર્યું. અંતમાં ડૉ. અંબિકા આરકટકરે કુલપતિશ્રી કુલસચિવશ્રી, અધ્યપકશ્રીઓ અને વહીવટી કર્મચારીઓ તથા તમામ વિદ્યાર્થીઓનો આભાર માનીને ઉદ્ઘાટનનું સમાપન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના અધ્યાપકશ્રી ડૉ. મિહિર સારંગ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેક વિભાગની B.Sc. Biotechnology સેમસ્ટર–પમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની મિસ પંકિત ઘડવાએ ૨૩ જૂન, ૨૦૨૩ના રોજ પૂણે ખાતે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘના સત્તાવાર ભાગીદાર દ્વારા આયોજિત All India Multilingual Drama, Dance, Music Contest/Fest Competitionમાં ભાગ લીધો હતો. જેમાં મિસ પંકિત ઘડવાએ કલાસિકલ ડાન્સમાં પ્રથમ ક્રમ અને સેમી–કલાસિકલ ડાન્સમાં બીજો રેન્ક પ્રાપ્ત કર્યો હતો. તેણીએ તેમના વિભાગનું, યુનિવર્સિટીનું તથા આપણા ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહ તથા તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યોએ વિદ્યાર્થીનીને શુભકામનાઓ પાઠવી તેમનો ઉત્સાહ વધારી ભવિષ્યમાં આવી રીતે સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.












## Department of Commerce

### મહિલાઓના સશક્તિકરણ વિશે વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ ખાતે તા. ૨૬ અને ૨૭ જૂન, ૨૦૨૩ના રોજ યુવા મહિલાઓને સશકત બનાવવાના હેતુથી એક પ્રગતિશીલ પહેલ, સ્માર્ટ ગર્લ ટ્રેનિંગ પ્રોગ્રામ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ડૉ. હર્ષિતા જૈન (ભારતીય જૈન સંગઠન) ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આજના ઝડપથી વિકસતા વિશ્વમાં વિકાસ માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી છોકરીઓને સજ્જ કરવાનો છે. આ કાર્યક્રમમાં સ્વજાગૃતિ મિત્રતા અને લાલચ, આત્મસન્માન અને સ્વબચાવ તેમજ પસંદગીઓ અને નિર્ણયો જેવા ૬ વિવિધ વિષયોને આવરી લેવામાં આવેલો હતો. આ વર્કશોપ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસીએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ ડૉ. હર્ષિતા જૈનનો આભાર માને છે અને ભવિષ્યમાં પણ આવા વિષયો પર આપશ્રીનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખે છે.







### G20 અંતર્ગત એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન

તા. ૨૮/૬/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા G20 અંતર્ગત ગોલ્ડી સોલાર પ્લાન્ટ, નવસારી ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયું હતું. આ શૈક્ષણિક પ્રવાસનો હેતુ સૌરઊર્જા ક્ષેત્રે વ્યવહારુ જ્ઞાન અને અનુભવ મેળવવાની તક પૂરી પાડવાનો હતો. મુલાકાત દરમ્યાન, વિદ્યાર્થીઓ સૌરઊર્જાના સાથે સંકળાયેલી પ્લાન્ટની ડિઝાઈન, બાંધકામ અને કામગીરીથી પરિચિત થયા હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીઓએ પ્લાન્ટના એન્જિનિયરો અને ટેકનિશિયન સાથે વાતચીત કરવાની તેમજ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે નવીનતમ નવીનતાઓ અને તકનીકો વિશે જાણવાની તક પણ મળી હતી. ગોલ્ડી સોલાર પ્લાન્ટના કો–ઓર્ડિનેટરશ્રી નેવિલભાઈ પીઠાવાળાએ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કૉલેજના ૪૦ વિદ્યાર્થીઓ તેમજ ડિપાર્ટમેન્ટના ૬ અધ્યાપકો ડૉ. પ્રિતી શાહ, પ્રો. મુકેશ રોહિત, પ્રો. મેહુલ રાઠી, પ્રો. મોનિક શાહ, પ્રો. તૃશાંગ ટેલર અને પ્રો. મયૂર દાદરેશા શૈક્ષણિક પ્રવાસમાં જોડાયા હતા. શૈક્ષણિક પ્રવાસનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કોમર્સ વિભાગના કો–ઓર્ડિનેટર અને એસોસિએટ પ્રોફેસર ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ ગોલ્ડી સોલર પ્લાન્ટને આ મુલાકાતને શકય બનાવવા માટે તેમજ તેમના સમર્થન અને સહકાર બદલ આભાર માને છે.















## Department of Economics

### સેન્સસ માઈક્રોડેટા વર્કસ્ટેશન પ્રથમ ટ્રેનિંગ પ્રોગ્રામ

તા.૨૮/૦૬/૨૦૨૩ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત સેન્સસ માઈક્રોડેટા વર્કસ્ટેશનમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ પ્રથમ ટ્રેનિંગ પ્રોગ્રામનું ઓનલાઈન માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં અર્થશાસ્ત્ર વિભાગ ખાતેથી વિભાગીય વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી.રામી તથા અન્ય અધ્યાપકો તથા ટેકનિકલ સ્ટાફે ભાગ લીધો હતો. પ્રસ્તુત ટ્રેનિંગ પ્રોગ્રામમાં વસ્તી ગણતરી કામગીરી નિયામકની કચેરીમાંથી શ્રી રાજુભાઈ પરમાર, DPA (Directorate of Census Operations, ગાંધીનગર) તથા શ્રી. મંગેશ એસ. કુંભાર (આસિસ્ટન્ટ ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન, ડિરેકટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ, ગુજરાત ગાંધીનગર) ઓનલાઈન માધ્યમથી હાજર રહ્યા હતા. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના વિભાગીય વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીએ મિટિંગમાં હાજર તમામને આવકાર્યા હતા. જેમાં શ્રી રાજુભાઈ પરમાર, DPA (DCO ગાંધીનગર)એ માઈક્રોડેટા એનાલિસીસ વિશે વિસ્તાર પૂર્વક સમજૂતી આપી. જેમાં સેન્સસ એટલે શું ? સેન્સસને બે ભાગોમાં વહેંચવામાં આવે છે. (૧) Household Listing & Household Data અને (૨) Census વગેરેની સમજણ આપી હતી. જેમાં વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧ નાં વસ્તી ગણતરીના સેમ્પલ ડેટા આપવામાં આવ્યા હતા તથા ભારતના વસ્તી ગણતરીનાં સૂક્ષ્મ ડેટામાંથી વિવિધ પાસાઓની માહિતી પ્રાપ્ત કરવા માટે "CS Pro" સોફટવેરનાં ઉપયોગ વિષે સમજણ આપી હતી તથા પ્રેકિટકલ ડેમો આપવામાં આવ્યો હતો. ટ્રેનીંગનાં અંતે ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આભાર વ્યકત કરી ટ્રેનિંગ પ્રોગ્રામની પૂર્ણાહુતિ કરી હતી.








### મહેંદી સ્પર્ધાનું આયોજન

તા. ૩૦/૬/૨૦૨૩ને શુક્રવારનાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગની સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની અદ્દભુત મહેંદી કળાને પ્રદર્શિત કરી હતી. પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિજ્ઞાન ભવનનાં અધ્યાપિકા ડૉ. મોસસ ત્રિવેદીએ ભૂમિકા ભજવી હતી તથા વિદ્યાર્થિનીઓનું પ્રોત્સાહિત કરતા પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની નિધિ કાપડિયા, દ્વિતીય ક્રમ પર હેતાક્ષી વરિયા અને વૈષ્ણવી જરીવાલા વિજેતા રહી હતી તથા તૃતીય ક્રમ પર એમ.એ. સેમેસ્ટર–૧ની વિદ્યાર્થિની વંદના સોડવડિયા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીએ વિજેતા થયેલ તમામને શુભેચ્છાઓ પાઠવી હતી.





## Department of Statistics

### ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આંકડાશાસ્ત્ર વિભાગના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ Deputy Director, Class-I, Gujarat Statistical Services માં સફળતા મેળવી છે. આ વિદ્યાર્થીઓ ૧. પિયૂષકુમાર મનુભાઈ ઉકાણી જેઓ M. Sc. Applies Statisticsના વર્ષ: ૨૦૧૦–૧૧ મેહુલભાઈ ગોરધનભાઈ પટેલ જેઓએ M.sc Applies Statisticsના વર્ષ: ૨૦૧૧–૧૨, કિષ્ના મુકેશચંદ્ર અરીવાલા જેઓ M.sc Applies Statistics વર્ષ: ૨૦૧૨–૧૩ અને કુમારી પ્રિયંકા બાલકૃષ્ણ રાવલ જેઓ M.sc. Applies Statistics વર્ષ: ૨૦૧૪–૧૫ ના વિદ્યાર્થીઓ છે. જેઓ ગુજરાત રાજ્ય ડેપ્યુટી ડાયરેકટર તરીકે વર્ગ–૧માં સફળ થતા યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. જેને લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યો, સેનેટ સભ્યો, વિભાગીય વડાઓ, કો–ઓર્ડિનેટરો, શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફના સભ્યો દ્વારા આંકડાશાસ્ત્ર વિભાગના આ વિદ્યાર્થીઓ, વિભાગીય વડા ડૉ. આરતીબેન રાજ્યગુરુ તથા તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીએ કરેલી નિરંતર મહેનતનું આ ફળ છે અને તે હજુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવારે પાઠવી તેમજ આ વિદ્યાર્થીઓની સફળતાને પ્રેરણા રૂપ લઈ બીજા વિદ્યાર્થીઓ સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવી છે.

### Celebrating 17th National Statistics Day

Department of Statistics celebrated 17th National Statistics Day on 29th June 2023, in honour of the birth anniversary of Prof. Prasanta Chandar Mahalanobis. As a part of the celebration, the department organized an online quiz for the third consecutive year. The primary objective of this event was to promote the use of statistics in everyday life and create awareness among the public about how statistics contribute to shaping and formulating policies for the welfare of people. Since 2007, National Statistics day has been celebrated on 29th June, the birth anniversary of Prof. P. C. Mahalanobis, recognizing his significant contribution to the establishment of the National Statistical System.

A total of 1924 students participated in the online quiz, including both junior level (class XI and XII) and senior level (UG and PG course) students. Among the junior level participants, out of 280 participants, 150 students scored more than 50% marks and received e-certificates. At the senior level out of 1644 participants, 1297 were from UG level and 347 students from PG level attempted the quiz. Among the senior level participants, 960 students and from junior level 150 students achieved more than 50% marks, and received e-certificates.

The department would like to express its gratitude to Dr. K. N. Chavda, the honourable vice chancellor, for providing inspiration and support in organizing this quiz. We are also very thankful to our registrar Dr. R. C. Gadhvi for granting permission to organize quiz. Additionally, the department extends its thanks to all the school and college teachers who circulated the quiz poster among their students. Finally, the department expresses its appreciation to the entire technical committee for efficiently managing all the technical aspects, like issuing online certificates, which played a vital role in the success of the event.



Department of Statistics
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
is Celebrating
17th National Statistics Day ( 29th June 2023 )
on the Birth Anniversary of
**Prof. Prasanta Chandra Mahalanobis**

3rd Online Quiz 2023

Dear All
The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat is conducting the 3rd **Online Quiz Competition** as a part of the National Statistics Day Celebration on the 29th June 2023.

- **No Registration fees**
- On successful completion of the Quiz, participants scoring **50%** and above will receive an e-certificate through e-mail address.
- **Event Date: June 29, 2023**

**a) Junior Level : Students of Class XI and XII (2023-24)**

**Syllabus:** Matrix and Determinants, Permutation and Combination, Measures of Central Tendency, Measures of Dispersion, Probability
**Link to attend the Quiz :-** https://forms.gle/VJEJSMy3Zq2erHiy6

**b) Senior Level : Students of UG and PG course (2023-24)**

**Syllabus:** Probability distributions, Testing of hypotheses, Estimation theory, Design of Experiments, Correlation-Regression analysis, Numerical Methods, Sampling Technique, Time Series Analysis, Index Numbers Operations Research and Statistical Quality Control
**Link to attend the Quiz :-** https://forms.gle/pMLGkoQPsGGqnzRs6

Organizing Secretary Dr. Shital S. Patel | Convener Dr. Arti J. Rajyaguru | Registrar Dr. R. C. Gadhvi | Vice Chancellor Dr. K. N. Chavda

**Contact :** Department of Statistics, Veer Narmad South Gujarat University
Surat-395007, (Gujarat) INDIA
**Email:** quizstatistics@vnsgu.ac.in , office.dst@vnsgu.ac.in **Tel:** 0261-223110
**More about Department of Statistics:**
https://www.vnsgu.ac.in/departments/statistics/index.html
https://www.facebook.com/profile.php?id=100006747195824
https://www.instagram.com/statisticsdepartment.vnsgu/
https://www.vnsgu.ac.in/departments/statistics/testimonials.html
We request you to kindly give wide publicity to this event.



17th National Statistics Day (29th June 2023)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
3rd Online Quiz 2023
Organized by
Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
Certificate No: STAT/QUIZ2023000689 — Senior Level — Date: 29-6-2023
Certificate of Participation

This is to certify that ***Mr./Ms. Gayathri.J*** from **Sethu institute of technology pulloor** has actively participated in the 3rd Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2023 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel** Organizing Secretary | **Dr. Arti. J. Rajyaguru** Convener | **Dr. R. C. Gadhvi** Registrar



17th National Statistics Day (29th June 2023)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
3rd Online Quiz 2023
Organized by
Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
Certificate No: STAT/QUIZ2023000444 — Senior Level — Date: 29-6-2023
Certificate of Participation

This is to certify that ***Mr./Ms. Bokka Anjali Subramanian*** from **Gujarat University, Department of AIML & Data Science, Navrangpura, Ahmedabad 380009.** has actively participated in the 3rd Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2023 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel** Organizing Secretary | **Dr. Arti. J. Rajyaguru** Convener | **Dr. R. C. Gadhvi** Registrar



17th National Statistics Day (29th June 2023)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
3rd Online Quiz 2023
Organized by
Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
Certificate No: STAT/QUIZ2023000051 — Junior Level — Date: 29-6-2023
Certificate of Participation

This is to certify that ***Mr./Ms. Mohak Vyas*** from **Krishna International school** has actively participated in the 3rd Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2023 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel** Organizing Secretary | **Dr. Arti. J. Rajyaguru** Convener | **Dr. R. C. Gadhvi** Registrar



17th National Statistics Day (29th June 2023)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
3rd Online Quiz 2023
Organized by
Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
(Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
Certificate No: STAT/QUIZ2023000135 — Junior Level — Date: 30-6-2023
Certificate of Participation

This is to certify that ***Mr./Ms. SIVAN C*** from **GOVT ARTS AND SCIENCE COLLEGE DHARMAPURI** has actively participated in the 3rd Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2023 as a part of celebration of National Statistics Day.

**Dr. Shital S. Patel** Organizing Secretary | **Dr. Arti. J. Rajyaguru** Convener | **Dr. R. C. Gadhvi** Registrar

## Department of Computer Science

### M.Sc. (AI & ML), PGDCA કોર્સોનો શુભારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કોમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં તા. ૩ જુલાઈ, ૨૦૨૩ ના રોજ AI અને ML નો અનુસ્નાતક અભ્યાસક્રમ M.Sc. (AI & ML)નો શુભારંભ થયો હતો. AI અને ML આ આધુનિક સમયની માંગ અને વિદ્યાર્થીઓની જરૂરિયાત છે. વિદ્યાર્થીની માંગને ધ્યાનમાં રાખી M.Sc. (AI & ML) અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમમાં અદ્યતન ટેકનોલોજિ જેવી કે મશીન લર્નીંગ, આર્ટીફીશીયલ ન્યુરલ નેટવર્ક અને ડીપ લર્નિંગ, બ્લોકચેઈન, આઈ.ઓ.ટી. વગેરેનો વિસ્તૃત સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઉદ્ઘાટન પ્રસંગે વિભાગીય અધ્યક્ષ ડૉ. અપૂર્વ દેસાઈએ સૌને આવકાર આપ્યો હતો અને અભ્યાસક્રમની જરૂરિયાત અને ઉપયોગિતા અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપી હતી. સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પણ વિદ્યાર્થીઓ અને તેઓના વાલીઓને પ્રોત્સાહન આપી બિરદાવ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન એડમિશન પ્રાપ્ત દરેક વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેનો વિદ્યાર્થીમિત્રોએ રાજીપો દર્શાવ્યો હતો. આ ઉદ્દ્ઘાટન પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો ડૉ. કે. સી. પોરિયા અને શ્રી કિરણભાઈ ઘોઘારી ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગ બાદ તરત જ PGDCA અને M.Sc. (AI & ML)માં પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીઓ અને તેઓના વાલીઓને ઓરિએન્ટેશન કાર્યક્રમ દરમ્યાન અભ્યાસક્રમની વિસ્તૃત સમજ તથા વિભાગની અને યુનિવર્સિટીની માહિતી ઉપરાંત પરીક્ષા અંગેના નિયમો વગેરેની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમની અંતમાં વિભાગના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. વિભાગીય અધ્યક્ષ ડૉ. અપૂર્વ દેસાઈએ આ પ્રસંગે હાજર રહેવા બદલ કુલપતિશ્રી, કુલસચિવશ્રી, સિન્ડિકેટ સભ્યશ્રી, વિભાગીય વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ તથા તમામ શૈક્ષણિક તાથ બિનશૈક્ષણિક કર્ચચારીઓના આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ગાર્ગી શાહે કર્યું હતું જ્યારે આભારવિધિ ડૉ. રવિ ગુલાટી દ્વારા કરવામાં આવ્યું હતું.












## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### વૃક્ષારોપણ કાર્યક્રમ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલીમા ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણના સંરક્ષણ પ્રત્યેની જાગૃતિ તથા વિદ્યાર્થીઓ માટે વૃક્ષારોપણનું મહત્વ સમજાય તે હેતુસર NCC કેડેટ્સ અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં NCC કેડેટ્સ પ્રા.સોનલબેન જરીવાલા અને મોટી સંખ્યામાં કેડેટ્સ અને સ્વયંસેવકો/ સેવિકાઓ હાજર રહ્યાં હતાં.






#### યોગ શિબિરનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ વિશ્વયોગ દિવસ અંતર્ગત તા. ૦૬–૦૬–૨૦૨૩ થી તા. ૨૧–૬–૨૦૨૩ દરમ્યાન કોમન યોગ તાલીમ કાર્યક્રમનો NCC અને NSS દ્વારા શુભ પ્રારંભ થયો હતો.

જેમાં પ્રથમ દિવસે NCC કેડેટ્સ પ્રા.ડૉ. સોનલબેન જરીવાલા અને કુલ ૪૨ NCC કેડેટ્સ અને NSS સ્વયંસેવકો/ સેવિકાઓ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના પરિપત્ર અનુસાર વિશ્વયોગ દિવસના ઉપક્રમે તા. ૬ થી ૨૧ જૂન, ૨૦૨૩ સુધી યોગમાં રસ ધરાવતા રસિકોને સદર તાલીમ કાયક્રમમાં સહભાગી થવા અમરોલી કૉલેજે આમંત્રણ પાઠવ્યુ હતુ. આ તાલીમ કાર્યક્રમ વિનામૂલ્યે રાખવામાં આવેલ હતો.



## નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીના ભાગરૂપે યોગા–સૂર્ય નમસ્કારનું આયોજન

તા. ૧૭/૬/૨૦૨૩ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે યોગા અને સૂર્યનમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સાગરભાઈ રાણાએ યોગાના ટ્રેનરની ભૂમિકા નિભાવી હતી. જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, NSS સ્વયંસેવક/સેવિકાઓ, NCC કેડેટ્સ સ્પોર્ટ્સ અને અન્ય મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.





## નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર સુરત શહેરની જનતા સાથે અમરોલી કૉલેજ

તા. ૨૧–૦૬–૨૦૨૩ને બુધવારના રોજ સમગ્ર સુરત શહેરની જનતા દ્વારા નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય" ના સ્લોગનને સાકાર કરતું નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં અમરોલી કૉલેજ પરિવાર સહભાગી બન્યું હતું.





## રાષ્ટ્રીય નિર્માણમાં પોલીસ કર્મચારીઓની ભૂમિકાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૩૦ જૂન, ૨૦૨૩ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રનિર્માણમાં પોલીસ કર્મચારીઓની ભૂમિકા' વકતવ્ય અંગે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરી હતી. ઉપસ્થિત વકતાશ્રીનો પરિચય પ્રા. ડૉ. મયંકભાઈ સોઢાએ કરાવ્યો હતો. તેમજ ઇ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો અને પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું. મુખ્ય વકતા તરીકે ડેપ્યુટી કમિશનર ઓફ પોલિસ શ્રી હર્ષદભાઈ મહેતાએ રાષ્ટ્રનિર્માણમાં પોલિસ કર્મચારીઓની ભૂમિકા અંગે માર્ગદર્શન પૂરું પાડયું હતું. અમરોલી પોલિસ સ્ટેશનના ઈન્સ્પેકટરશ્રી પી.પી.બ્રહ્મભટ્ટ, જહાંગીરપુરા પોલિસ સ્ટેશનના ઈન્સ્પેકટર શ્રી પી.ડી.પરમાર, ઉત્રાણ પોલિસ સ્ટેશનના ઈન્સ્પેકટર શ્રી એ.ડી.મહંત, સબ ઈન્સ્પેકટર શ્રી એમ.જી.રાઠોડ અને શ્રી એન.જી.દુધરેજીયા, શ્રી પાયલબેન, શ્રી રીટાબેન, શ્રી દીપિકાબેન પણ હાજર રહ્યાં હતાં. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. કૉલેજના NSS, NCC સહિત ૩૫૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા અને પ્રા. સોનલબેન કાકલોતર દ્વારા તથા આભારવિધિ ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા કરી હતી.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### વિશ્વ યોગા દિવસની ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા દ્વારા NCC, NSS તથા G20 ના ઉપક્રમે તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના આદેશ મુજબ તા. ૧૭ જૂન ૨૦૨૩ના રોજ સૂર્ય નમસ્કાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૧ જૂન ૨૦૨૩ વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત સામૂહિક રીતે વિશાળ પાયે કાર્યક્રમનું આયોજન કૉલેજમાં કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દરેક અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન ગુજરાતી યોગ બોર્ડની વેબસાઈટ પર કરવામાં આવ્યું હતું.

આ વર્ષે ૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'વસુદેવ કુટુંબ'ના સિદ્ધાંત ઉપર એક વિશ્વ એક સ્વાસ્થય રાખવામાં આવ્યું છે. આથી થીમ આયુષ મંત્રાલય દ્વારા પસંદ કરવામાં આવી છે. એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાક દરમ્યાન કૉલેજ ગ્રાઉન્ડ પર યોગા ટ્રેનર રાજ પુરોહિત પ્રદીપ દ્વારા કરવામાં આવી હતી. યોગ માર્ગદર્શિકામાં દર્શાવ્યા અનુસાર વિવિધ કસરતો, મુદ્રાઓ દ્વારા વિવિધ યોગ મુદ્રા કરાવવામાં આવી હતી. નૅશનલ કક્ષાએ પરફોર્મન્સ આપનાર એન.સી.સી. કેડેટ કું. ડાંગર કાજલ, પટેલ ત્રિશા દ્વારા સુંદર ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય વર્ષાબેન બી. રાણા તથા કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આમ એ.વી.પટેલ કોમર્સ કૉલેજ દ્વારા યોગ દિવસની સફળ ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન યોગા ડે કો–ઓર્ડિનેટર ડૉકટર સોનલબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.









### નવી શિક્ષણનીતિ NEP-2020 ઉપર રાજ્યકક્ષાના સેમિનારનું સફળતાપૂર્વક આયોજન

બીલીમોરા વિભાગે મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં નવી શિક્ષણનીતિ NEP-2020 ઉપર રાજ્યકક્ષાના સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના મુખ્ય વકતા ડૉ. મેહુલભાઈએ નવી શિક્ષણનીતિની શું જરૂરીયાત ઉદભવી છે ? તેના વિશે ઊંડાણપૂર્વક જણાવ્યું હતું. તેમના કહેવા મુજબ કોઈપણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પરિવર્તન જરૂરી છે અને શિક્ષણનું ક્ષેત્ર પણ આમાં બાકાત નથી. કોઈ પણ દેશનો વિકાસ અને બરબાદી તે દેશના શિક્ષણ ઉપર આધારિત હોય છે. ભારત દેશમાં પણ નવી શિક્ષણનીતિની જરૂરિયાત લાગતા ભારત સરકાર દ્વારા જુલાઈ ૨૦૨૦માં નવી શિક્ષણનીતિ NEP 2020ને અમલમાં મુકવામાં આવી છે. નવી શિક્ષણનીતિને કુલ ચાર ભાગોમાં વહેંચવામાં આવે છે. 5+3+3+4 એમ અલગ અલગ ચાર તબક્કાઓમાં વહેંચવામાં આવ્યું છે. જેના વિશે સરળ સમજૂતી આપી હતી.

સેમિનારના બીજા વકતા ડૉ. હીના ઓઝાએ નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીને પ્રેકટીકલ જ્ઞાન ઉપર વધારે ધ્યાન આપવા જણાવ્યું છે. શારીરિક શિક્ષણ અને રમતગમત દ્વારા શારીરિક અને માનસિક ગુણોના વિકાસની વાત છે વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને ચારિત્ર ઘડતરની વાતો કરી છે. વિદ્યાર્થીમાં નૈતિક ગુણોના વિકાસ થાય તેવા અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવું જણાવ્યું આમ નવી શિક્ષણનીતિ વિદ્યાર્થીઓને વિષય પસંદગીના વિવિધ ક્ષેત્રો પૂરા પાડશે તથા શિક્ષણને રસપ્રદ બનાવશે અને વિદ્યાર્થીનાસર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે.

આમ બંને વકતાઓએ નવી શિક્ષણનીતિ વિશે ખૂબ જ ઊંડાણપ્રર્વક ચર્ચા કરી હતી અને શિક્ષકો અને વિદ્યાર્થીઓના મનમાં ઉદ્રવતા પ્રશ્નોના નિરાકરણ પણ કર્યા હતા. સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી

ડૉ. રાજેશ્રીબેન ટંડેલ ઉપસ્થિત રહ્યાં હતાં તથા બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈ ઉપાધ્યક્ષ ભરતભાઈ પટેલ તથા મંડળના પદાધિકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના આચાર્યશ્રી પ્રા.વર્ષાબેન રાણાએ મહેમાનોનું પુષ્પ વડે તથા શાબ્દિક સ્વાગત કરીને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કો–ઓર્ડિનેટર ડૉ. સોનલ વસાવા તથા પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ કર્યું હતું. આ સેમિનારમાં મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઇન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાનો માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે.










## શ્રી જે. બી. ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ, સુરત.

### સન્માન સમારોહ

શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે તા. ૦૫/૦૬/૨૦૨૩ના રોજ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. ડી.એલ. વરસાણીના અધ્યક્ષ સ્થાને NSS અને NCC વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં NSS વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશભાઈ પટેલ, ડૉ. અમિત ગોધાણી તેમજ NCC વિભાગના કેપ્ટન સરિતા બગડિયા ઉપસ્થિત રહ્યા હતા.






## સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### યોગ દિવસની ઉજવણી

ભારતીય સંસ્કૃતિનાં હાર્દ એવાં 'યોગ' વિશે વિશ્વનો માનવી ભારત થકી જાગૃત થયો છે. તા. ૨૧–૬–૨૦૨૩ના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની સવારે ૯:૦૦ કલાકે સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ દ્વારા સામુહિક યોગ, પ્રાણાયમ તથા સૂર્યનમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના તાલીમાર્થી બહેનો સહિત અન્ય સંસ્થાઓ તથા શાળાનાં બાળકો, અધ્યાપકગણ, શિક્ષકગણ સાથે ૩૫૦ જેટલાં સહભાગીઓએ એક સાથે વિવિધ ૮ પ્રકારનાં યોગાસન, ૩ પ્રાણાયમ અને મંત્રોચ્ચાર સાથે સૂર્યનમસ્કાર કર્યા હતાં. સમગ્ર કાર્યક્રમ યોગ ટ્રેનર્સ અને બી.એડ. વિભાગનાં જી.એસ. માનસીબેન ચણિયારાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો.

યોગક્રિયાના પ્રખર હિમાયતી એવાં સંસ્થાનાં પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં યોગક્રિયાનું

મહત્વ સમજાવી સંસ્થામાં NEP-2020 અંતર્ગત 'યોગ અભ્યાસ'નાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગે હિમાયત કરી હતી. સંસ્થાનાં નિયામકશ્રી જાગૃતિબેન પંડયા સહિત તમામ અધ્યાપકગણ તથા સહભાગીઓએ ઉત્સાહપૂર્વક રાષ્ટ્રગીત તથા વંદે માતરમનાં નારાઓ સાથે કાર્યક્રમની પુર્ણાહુતિ કરી.








**એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી.**

**વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી**

નવસારીની સુપ્રસિધ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં IQAC અને NSS નાં સંયુકત ઉપક્રમે વિવિધ પ્રવૃતિઓ વર્ષ દરમ્યાન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ની શરૂઆત સાથે કૉલેજના ઈ.ચા.આચાર્યશ્રી ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ તા. ૫/૬/૨૦૨૩નાં રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે કૉલેજમાં વૃક્ષારોપણ અને કેમ્પસ સફાઈની કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં NSSના ૨૭ જેટલા સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા કૉલેજના ઉપાચાર્યશ્રી મહેશભાઈ નાયક તથા NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.સી.શર્મા, શ્રી કે.સી.પટેલ અને ડૉ. સ્વાતિબેન નાયક ઉપસ્થિત રહ્યા હતા. NSS વિભાગની આ પ્રવૃત્તિની સરાહના એસ.બી.ગાર્ડા કૉલેજ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવી.





**શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કૉલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કૉલેજ, ઓલપાડ.**

**વિશ્વ પર્યાવરણ દિનની ઊજવણી**

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ તથા ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. નરેન્દ્ર કે. રાઠોડ અને કૉલેજ વહીવટી પરિવારના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષોનું માનવ જીવનમાં મહત્વ વિષય પર પ્રવચન આપ્યું હતું. કૉલેજના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ નરેન્દ્ર રાઠોડએ વિશ્વ પર્યાવરણ દિવસ વિશે ટૂકી માહિતી આપી કાર્યક્રમનું સમાપન કહ્યું હતું.



## જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કિલ્લા–પારડી

### વિશ્વ સાઇકલ દિવસ ઉજવણી

જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કિલ્લા–પારડી ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત તા.૦૩–૦૬–૨૦૨૩ના રોજ 'વિશ્વ સાઈકલ દિવસ' નિમિત્તે ઇ.ચા. આચાર્ય ડૉ. ગંગાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રા. જીતેન્દ્રભાઈ ટંડેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. પ્રવીણભાઈ પટેલ, શ્રીમતી અંજલીબેન પટેલ તેમજ સ્વયંસેવકો ઉત્સાહભેર આ રેલીમાં જોડાયા હતા.













### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કિલ્લા–પારડીમાં NSSના ઉપક્રમે તા. ૦૫/૦૬/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પર્યાવરણ દિવસ યોજવામાં આવ્યો હતો. કૉલેજના ઈ.ચા. આચાર્ય ડૉ. ગંગાબેન પટેલના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. પ્રવીણભાઈ પટેલ, અંજલીબેન પટેલ, અન્ય સ્ટાફ અને NSS સ્વયંસેવકોએ આ પ્રોગ્રામમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ વૃક્ષારોપણ કર્યું હતું. ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. ગંગાબેન પર્યાવરણની જાળવણી અને મહત્વ વિશે સમજાવ્યું હતુ. આ કાર્યક્રમ કૉલેજના ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.









## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ૨૧મી જૂન ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના એન.એસ.એસ., એન.સી.સી.સ્પોર્ટ્સ તેમજ કૉલેજમાં ભણતા અન્ય વિદ્યાર્થી ભાઈ–બહેનો અને કૉલેજ સ્ટાફ તેમજ ભગિની સંસ્થા બી.આર.જે.પી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ –બહેનો તેમજ ગવર્મેન્ટ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

લવ કુશ યુનિવર્સિટી દ્વારા ચાલતા ૐ યોગ પ્રાણાયમ કલાસીસ પારડીના યોગ શિક્ષકો બકુલાબેન પારેખ, શ્રી હેમંતભાઈ ભંડારી, શ્રી દિનેશભાઈ સાબુવાલા, ઉષાબેન પટેલ તેમજ કામિનીબેન પંચસારા દ્વારા યોગનું સૌ પ્રથમ સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું. યોગના ફાયદા વિશે વિસ્તૃતમાં જણાવવામાં આવ્યું અને ત્યારબાદ તેમના સહયોગથી વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યા હતા. જે આંતરરાષ્ટ્રીય યોગાદિનમાં ભાગ લેનાર તમામે ઉત્સાહથી આસનો કર્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના નૉડલ ઓફીસર પ્રા. જીતેન્દ્રકુમાર એમ. ટંડેલે કૉલેજના ઈ.ચા. આચાર્ય ડૉ. ગંગાબેન ડી. પટેલના માર્ગદર્શન હેઠળ તમામના સહયોગથી સુંદર રીતે પાર પાડવામાં આવ્યું હતું.










## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### World Environment Day – 05th June 2023

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre with HMAI Vyara Unit and Indian Red Cross Society Vyara celebrated 'World Environment Day' on 5th June 2023. This activity conducted in the presence of Chairman of Indian Red Cross Society Vyara Mr. Dineshbhai N. Bhatt and all the staff members of college, Hospital, HMAI Vyara Unit members & students took part & also planted medicinal & Flower Plants in college campus. All the people took pledge to save environment by planting more trees. Whole activity was Co-ordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.







## World Blood Donor Day Celebration - 2023

On the occasion of World Blood Donor Day on 14th June 2023 C. N. Kothari Homeopathic Medical College & Research Centre Vyara, Maliba Raktadan Kendra Indian Red Cross Society Tapi District branch & HMAI Vyara Unit organized Blood Donation Camp and Blood Donation Awareness Programme under the guidance of National Commission of Homeopathy, New Delhi in the college campus. In which Dr. Bhavin Modi gave a lecture on blood donation awareness. At the end of the program, the staff & students took pledge on blood donation. In Blood Donation Camp Staff and students donated blood. This program has been organized by the activity committee under the guidance of college Principal Dr. Jyoti Rao.










## International Yoga Day 2023 "Yoga For Vasudaiva Kutumbakam"

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated International Yoga Day on 21/06/23. All the Staff Members, Hospital Staff & Students celebrated yoga with great enthusiasm.

Yoga expert of our Institute Dr. Piyush Pandya Sir & Dr.Jyoti Shukla demonstrated various asanas followed by omkar chanting. Also some students of our college demonstrated various asanas. Dr.Piyush Pandya Sir encouraged all Staff & Students to practice regular yoga to remain fit & improve concentration in life. At the end of the Programme students who participated in this programme were awarded by Certificate from the college The whole Programme was coordinated by Dr.Swapnil Khengar & team under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.



## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

## વિશ્વ વિક્રમી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો

ઉધના કૉલેજના પ્રાધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ તા. ૨૧/૦૬/૨૦૨૩ના રોજ Y Junction, સુરત ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ વિશ્વ રેકોર્ડનો હિસ્સો બન્યા હતાં. સારા સ્વાસ્થ્ય માટે ઉપસ્થિત તમામ દ્વારા યોગાસનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજ આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BBA), ડૉ. મનીષ કાયસ્થ, ઉપાચાર્ય (BCA), ડૉ. તેજસ ઘડીયાળી કો–ઓર્ડિનેટર (BCA Afternoon), પ્રાધ્યાપક ડૉ. સંજય પટેલ અને ડૉ. પરીક્ષિત ઇચ્છાપોરિયાએ કાર્યક્રમની સફળતામાં મહત્વનો ફાળો આપ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.






## સામૂહિક સૂર્યનમસ્કારનું આયોજન

"એક પૃથ્વી, એક આરોગ્ય" અભિયાનના ભાગરૂપે તા. ૧૭–૦૬–૨૦૨૩ના રોજ ઉધના કૉલેજમાં સામૂહિક સૂર્યનમસ્કાર કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. યોગ નિષ્ણાંત શ્રીમતી હન્ની ગાજીવાલાના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કાર કર્યા હતાં. આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈએ વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. ડેઇઝી તેક્કનાલ ઉપાચાર્ય (BBA), ડૉ. મનિષ કાયસ્થ ઉપાચાર્ય (BCA), ડૉ. તેજસ ઘડીયાળી કો–ઓર્ડિનેટર (BCA-Aternoon)એ જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા જીમખાના સમિતિના સભ્યોએ નિષ્ઠાપૂર્વક સહયોગ આપ્યો હતો.






## IPDC કોર્સની તાલીમનું આયોજન

વિદ્યાર્થીઓને જીવનમૂલ્યો શીખવતો Integrated Personality Development Course [IPDC]ની તાલીમનું આયોજન ઉધના કૉલેજમાં તા. ૨૪/૦૬/૨૦૨૩નાં રોજ કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કૉલેજનાં પ્રધ્યાપકોએ ભાગ લઈ કોર્સના અભ્યાસક્રમ સોફટવેર તેમજ ભણવવાની પદ્ધતિ વિષે માહિતી પ્રાપ્ત કરી હતી. તાલીમ શિક્ષકશ્રી હરિકૃષ્ણ ગોહિલનું આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ સ્મૃતિ ભેટ આપી સ્વાગત કર્યુ હતું. ડૉ. ડેઇઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BBA), ડૉ. મનિષ કાયસ્થ, ઉપાચાર્ય (BCA) અને કોર્સ કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડીયાળીએ તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. ટેકનિકલ અને સહાયક સ્ટાફે જરૂરી વ્યવસ્થાની ગોઠવણી કરી આપી હતી.





## MoU

ઉધના કૉલેજ દ્વારા B.Com અને BBA માટે સુરતની NJ India Invest Pvt. Ltd. સાથે કૌશલ્ય વિકાસ, ઇન્ટર્નશિપ ટ્રેનિંગ, કેમ્પસ પ્લેસમેન્ટ અને ઔદ્યોગિક મુલાકાત માટે MoU કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓને આ MoUથી અભ્યાસની સાથે વ્યવસાયિક અનુભવ પણ મળી રહેશે. આ સિદ્ધિ પ્રાપ્ત કરવા આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ દ્વારા સતત પ્રયત્ન કરવામાં આવ્યાં હતાં.



## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-6-2023 to 30-6-2023

| Detail | Description | June-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 1425 | |
| | Internet Lab User | 35 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 14 | |
| | Research Scholars | 5 | |
| | Non Teaching Staff | 4 | |
| | Visitors | 3 | |
| | Online User | - | |
| | Total | | 1486 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| June-2023 | 337 | 303 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2023 | 11 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2023 | 12 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2023 | 11 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ **e-mail: dakshinayan@vnsgu.ac.in**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgu.ac.in**